## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




ના બાળકો એવું નથી... જે વસ્તુ લુપ્ત થતી હોય તેના જ દિવસ નથી ઊજવાતા... અમુક જાતી હયાત હોય તેની ખુશીમાં પણ દિવસ ઊજવાય છે.

# એક માસ અગાઉ છત્રાલમાં થયેલ ચોરીનો ભેદ ઉકેલતી ગાંધીનગર એસઓજી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના છત્રાલ ખાતે એક માસ અગાઉ થયેલ ઘરફોડ ચોરીનો ભેદ આજે એસઓજી પોલીસે ઉકેલી નાંખ્યો છે. છત્રાલ જીઆઈડીસી ફેઝ નં. ૩ ખાતે આવેલ અલ્પા ટેક્ષટાઈલમાંથી અંદાજીત દોઢ લાખની કિંમતની પાંચ સર્કિટની ચોરી થઈ હતી. આ ચોરીને અંજામ આપનાર ગુનેગારોને એસઓજી ગાંધીનગરની ટીમે દબોચી કલોલ તાલુકા પોલીસને શોંપી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લામાં થતી ચોરીઓ અટકાવવા અને ગુન્હાઓ શોધી કાઢવા ગાંધીનગર એસપી વિરેન્દ્રસિંહ યાદવની સૂચનાથી એસઓજી પી.આઈ. જે.ડી. પુરોહિત, પીએસઆઈ ડી.ડી. પરમાર અને એલ.એસ. ચૌધરી, એએસઆઈ જયંતિભાઈ, હે.કો. રાજેશભાઈ, અજયકુમાર, રવિન્દ્રકુમાર અને વીરેન્દ્રસિંહ કલોલ તાલુકામાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન સઈજ બસસ્ટેન્ડ નજીકથી સંતોષકુમાર ઉર્ફે બિપિન બ્રાહ્મણ (અવસ્થી) ઉ.વ. ૩૩ તે મજૂરી કરીને મથુરીયા સોસાયટીને ઈલેક્ટ્રીક મશીનમાં ઉપયોગમાં લેવામાં આવતી ૫ નંગ સર્કિટ સાથે ઝડપી પાડ્યો હતો. તેને પકડી વધુ પુછપરછ કરતા આ સર્કિટ તે અને તેનો મિત્ર ક્રિષ્ના તિવારીએ એકાદ માસ અગાઉ છત્રાલ જીઆઈડીસી ફેઝ નં. ૩માં આવેલ અલ્પા ટેક્ષટાઈલ્સમાંથી ચોરી હોવાનું જણાવ્યું હતું. પોલીસે સર્કિટ ૫ નંગ કિ. રૂ. ૧,૫૦,૦૦૦ તેમજ નોકીયા મોબાઈલ કિ. રૂ. ૫૦૦ કબ્જે લઈ અટકાયત કરી વધુ તપાસ અર્થે કલોલ તાલુકા પોલીસને સોંપી દીધેલ છે. આગળની કાર્યવાહી કલોલ તાલુકા પોલીસે હાથ ધરી છે.



# અનુસૂચિત જાતિ પર થતાં અત્યાચારોની વિરૂદ્ધમાં બહુજન સમાજ પાર્ટી દ્વારા આવેદનપત્ર અપાયુ

ગાંધીનગર, તા. ૬

બહુજન સમાજ પાર્ટી ગાંધીનગર જિલ્લા દ્વારા ગત તા. ૫મી માર્ચના રોજ સત્યાગ્રહ છાવણી ખાતે અનુસૂચિત જાતિ ઉપર થતા અત્યાચારના વિરૂદ્ધમાં ધરણા અને પ્રદર્શનનો કાર્યક્રમ યોજાયો હતો. રાજ્યમાં દલિતો સુરક્ષીત રહ્યા નથી. આજની વર્તમાન રાજ્ય સરકાર દલિતોને ન્યાય તેમજ રક્ષણ આપવામાં નિષ્ફળ સાબિત થઈ છે. બહુજન સમાજપાર્ટી દ્વારા રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવે તે માટે આજે સવારે ગાંધીનગર જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ઉગ્ર રજુઆત કરી હતી.

ગુજરાતમાં અનુ. જાતિના લોકો દયનીય હાલતમાં જીવી રહ્યા છે. હત્યા, બળાત્કાર, છેતરપિંડી, શારીરિક, તેમજ માનસિક શોષણના બનાવો ઘણા સમયથી વધી રહ્યા છે. રાજ્યમાં અનુ. જાતિના લોકો માત્ર શોષણનો ભોગ બનવા જ જીવી રહ્યા હોય તેવુ જોવા મળી રહ્યુ છે. અનેક વખત રજુઆત કર્યા બાદ પણ હજુ રાજ્ય સરકાર અનુ. જાતિ ઉપર થતા અત્યાચાર રોકવામાં તદન નિષ્ફળ રહી છે. બંધારણના મૂળભૂત હૂકમો પર રાજ્ય સરકાર તરાપ મારી રહી હોય તેવુ લાગી રહ્યુ છે. પ્રથમ દલિત વિરોધી માનસિકતા ધરાવતી સરકાર દલિતોનું નામોનિશાન ગુજરાતમાંથી મટી જાય તે રીતે વર્તી રહી છે. ત્યારે અનુ. જાતિ પર થતા અત્યાચાર રોકવા અને રાષ્ટ્રપતિ શાસનની માંગ સાથે આજે બસપાએ જિલ્લા કલેકટરનો આવેદનપત્ર પાઠવ્યુ હતુ. અને ઉગ્ર રજુઆત કરી હતી.



આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશના પૂર્વ કોષાધ્યક્ષ ડી.એસ. વાઘેલા, જનરલ કો. ઓડીનેટર જસવંત મૈત્રેય, વિશિષ્ટ સોલંકી, નેહલબેન મકવાણા, જિલ્લા પ્રભારી પ્રવીણ વાઘેલા, જિલ્લા પ્રમુખ ચિરાગ પરીખ તેમજ મહિલા પ્રમુખ જશોદાબેન પરમાર, ઉ. વિધાનસભા પ્રભારી હર્ષદભાઈ પરમાર, દક્ષિણના વિધાનસભાના પ્રભારી દિપરાજ મહેરા સહિત મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

# સોશ્યલ મિડીયા પર અપલોડ તસવીરે ૪૦ વર્ષ જુના મિત્રોને મેળવ્યા

ગાંધીનગર, તા.૬

આજ કાલ સોશ્યલ મિડીયાની વધી ગયેલી અનિવાર્યતા તથા ઉપયોગના પગલે તેની ટીકા પણ એટલી જ થઈ રહી છે. સોશ્યલ મિડીયાના દુરુપયોગ અંગે સમાજમાં ફરિયાદો ઉઠી રહી છે. આ સંજોગોમાં ગાંધીનગરના કેટલાક યુવાનોએ સોશ્યલ મિડીયાનો સદુપયોગ કર્યાનું અનુકરણીય ઉદાહરણ પુરું પાડયું છે.

ગાંધીનગરની એક સરકારી પ્રાથમિક શાળાના વર્ષ ૧૯૭૮માં ધોરણ-૩માં અભ્યાસ કરતા ભૂલકાંઓ ૪૦ વર્ષે એકબીજાને સોશ્યલ મિડીયા પર ગોતીને પરિવાર સહ એકઠાં થાય તેવી વિરલ ઘટના તાજેતરમાં બની છે. વળી આ માટે તે સમયનો શાળામાં લેવાયેલો એક બ્લેક એન્ડ વ્હાઈટ ગૃપ ફોટો કારણભૂત બન્યો છે તે પણ એક આશ્ચર્યની વાત છે. ગાંધીનગરના જાણીતા ચિત્રકાર તથા સરકારી કર્મચારી વત્સલ વોરાએ તેમની પાસે રહેલો ધો-૩નો ગૃપ ફોટો સોશ્યલ મિડિયા પર અપલોડ કર્યો હતો. આ ગૃપ ફોટો જોઈને આ કલાસના મિત્રોએ એકબીજાનો સંપર્ક સાધ્યો અને જોત જોતામાં ૨૫ મિત્રો જે એકબીજા સાથે ૪૦ વર્ષે ફરીથી સંપર્કમાં આવ્યા અને બધાએ પોતાના પરિવાર સાથે એકઠા થવાનું નક્કી કર્યુ. સરકારી શાળામાં અભ્યાસ કરવા છતાં પોત પોતાના ક્ષેત્રમાં પ્રતિષ્ઠિત સ્થાન મેળવી નામના હાંસલ કરનારા આ મિત્રો પાલનપુર, પાટણ, વડોદરા, અમદાવાદ જેવા સ્થળોએ પણ સ્થાયી થયા હતા. આ મિત્રોમા ગાંધીનગર ખાતેના હેલ્થ ઓફિસર પદે મમતા ઉપરાંત લૉ કોલેજમાં આચાર્યા એવા મીનળ ઉપાધ્યાય, એન્જિનીયરીંગ કોલેજમાં પ્રાધ્યાપકો વિપુલ પટેલ તથા કુંદન, સ્વતંત્ર વ્યવસાય કરતા દર્પણ બુચ, મનિષ ધોળકિયા અને રાજુલ ભટ્ટ સરકારમાં ગેઝેટેડ ઓફિસર એવા ઉમા સુતરિયા, સોનલ રાવલ અને વત્સલ વોરા, અમદાવાદની ખાનગી કંપનીમાં ઉચ્ચ કક્ષાએ કાર્યરત એવા ધર્મેન્દ્ર દોશી અને મયુર શાહ તથા ગાંધીનગરમાં વકિલાત ક્ષેત્રે નામના ધરાવતા અશ્વિન ત્રિવેદી વગેરેનો સમાવેશ થાય છે.



આ તમામ મિત્રો પરીવાર સાથે વર્ષો પછી તા. ૪થી માર્ચે મળ્યા એટલું જ નહી પરંતુ તમામે જવાબદાર નાગરિક તરીકે જરૂરિયાત મંદ વર્ગના બાળકો માટે શિક્ષણ-સ્વાસ્થ્ય અને સ્વચ્છતાની સેવા કરવાનો સંકલ્પ પણ લીધો હતો.





ગાંધીનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં પણ વાર્ષિકોત્સવ ઉજવવાનો ક્રેઝ વધતો જોવા મળી રહ્યો છે. પાટનગરના શહેરી ગામ ઈન્દ્રોડા ગામની પ્રાથમિક શાળા-૧ માં ઉજવાયેલા વાર્ષિકોત્સવમાં બાળકોએ દેશભક્તિ ગીતો, નૃત્યુ, બાળગીતો, માનવ પિરામિડ, નાટક, જળ બચાવોના સંદેશ સાથેનું મુક નાટક તથા દિકરી બચાવો, ભ્રૂણ હત્યા અટકાવો જેવા વિષયે નાટક જેવી એકથી એક ચડિયાતી કૃતિઓ રજૂ કરી ઉપસ્થિત તમામ દર્શકોને દંગ કરી દીધા હતા.

